રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ(Covid-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓનાં ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ કર્મચારી / અધિકારીનાં દુ:ખદ અવસાનનાં કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને ૨૫(પચીસ) લાખ રૂપિયાની સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૨૫૦-ક
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૮/૦૪/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં કાર્યાલયની તા.૦૬/૦૪/૨૦૨૦ની પ્રેસ નોટ

(૨) માન. મુખ્યમંત્રીશ્રીનાં કાર્યાલયની તા.૦૭/૦૪/૨૦૨૦ની પ્રેસ નોટ

આમુખ :

તાજેતરમાં રાજ્યમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ(Covid-19 )ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી હાલની લોકડાઉનની સ્થિતિમાં રાજ્યની આવશ્યક / તાત્કાલિક સેવાઓ સાથે સંકળાયેલ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં કાર્યરત સફાઈ કર્મીઓ અને આરોગ્ય સેવા કર્મીઓ, મહેસુલ વિભાગનાં કર્મચારીઓ / અધિકારીઓ અને અનાજ સહિતની જીવનજરૂરી ચીજ વસ્તુઓનાં પુરવઠા અને વિતરણની કામગીરી બજાવતાં અન્ન, નાગરિક પુરવઠા વિભાગનાં કર્મીઓ જનહિતમાં ફરજો બજાવી રહેલ છે. જેનાં કારણે આ કર્મચારીઓ / અધિકારીઓ તેઓની હાલની ફરજો દરમિયાન નોવેલ કોરોના વાયરસ(Covid-19 )ના સંક્રમણનો ભોગ બને તેવી સંભાવના રહેલી છે, અને આ સંક્રમિત કર્મચારી / અધિકારીનાં દુ:ખદ અવસાન જેવી અનિચ્છનીય ઘટના પણ બનવા પામે તે સંભવ છે.

## ઠરાવ

રાજ્ય સરકાર હાલમાં નોવેલ કોરોના વાયરસ(Covid-19) નાં સંક્રમણને કારણે રાજ્યમાં ઉત્પન્ન થયેલ પરિસ્થિતિને ધ્યાને લઈ, રાજ્ય સરકારની સેવાના કોઈપણ કર્મચારી / પંચાયત સેવા તેમજ મહાનગરપાલિકા / નગરપાલિકાના કર્મચારી / અધિકારી જે કોરોના વાયરસ(Covid-19)ની કામગીરી સાથે સંકળાયેલ હોય અને ફરજનાં ભાગરૂપે કોરોના અસરગ્રસ્ત થવાથી Covid-19 ના કારણે અવસાન પામે તો તેવા

કર્મચારીનાં કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને રૂ.૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ લાખ પુરા) ની સહાય આપવાનું રાજ્ય સરકાર આથી ઠરાવે છે.

૨. આશ્રિત કુટુંબ અંગેની વ્યાખ્યા રાજ્ય સરકારશ્રીની વખતોવખત પ્રસિદ્ધ થયેલ સુચનાઓ અનુસારની રહેશે.

૩. આ સહાયની સંપૂર્ણ રકમ માટે મળેલ દરખાસ્તોની ચકાસણી કરી સંબંધિત વહીવટી વિભાગોએ નાણાં વિભાગનાં પરામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.

૪. નોવેલ કોરોના વાયરસ(Covid-19)નાં સંક્રમણને કારણે ઉપરોક્ત આવશ્યક સેવાઓનાં ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન અવસાન પામનાર કર્મચારી / અધિકારીનાં કિસ્સામાં સંબંધિત કચેરીનાં વડાએ સંબંધિત જીલ્લાનાં સીવીલ સર્જનશ્રી / મુખ્ય જીલ્લા તબીબી અધિકારીશ્રી / સીવીલ અધિક્ષકશ્રીનાં અભિપ્રાય સાથેની દરખાસ્ત, ખાતાનાં વડા મારફત સંબંધિત વહીવટી વિભાગને તાત્કાલિક મોકલી આપવાની રહેશે. સંબંધિત વહીવટી વિભાગે દરખાસ્ત પરત્વે જરૂરી હુકમો કરી, સહાયની રકમ આપવાની કામગીરી એક માસમાં પૂર્ણ કરવાની રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૮/૦૪/૨૦૨૦નાં રોજ મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN પર સા.વ.વિ./ક-શાખાનાં ઠરાવ સંગ્રહમાં આ ઠરાવ અપલોડ કરવા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
- એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી - સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ